# પ્રતિદિન આનંદ

૧ જૂન, ૨૦૧૮

આત્મીય પાઠકો,

કદાચ તમે ધ્યાન આપ્યું હશે કે જેમજેમ આપણે જૂન મહિનામાં પ્રવેશ કરી રહ્યાં છીએ, આકાશમાં ગુલાબી આભા ફેલાઈ રહી છે. એવું લાગે છે જાણે કોઈએ નિર્મળ, નીલ સરોવર જેવા દેખાતા આકાશમાં ગુલાબી રંગ ભેળવી દીધો હોય. તમે તેને સૂર્યોદયના સમયે જુઓ કે સૂર્યાસ્તના સમયે, તમે જોશો કે આ રંગ વમળના તરંગોની જેમ ફેલાતો જાય છે અને આપણને ચારે બાજુથી ઘેરી લે છે. તેમ છતાં ફેલાતા ફેલાતા ઝાંખો થવાને બદલે આ રંગ ઘેરો, ચમકદાર અને સ્પષ્ટ થતો જાય છે. ક્યારેક હું વિચારું છું કે શું આ વિશાળ આકાશનું ફલક એટલું મોટું છે કે આવા ચમકતા, પુરબહાર રંગને પોતાનામાં ધારણ કરી લે, આવા અત્યધિક આનંદને સમાવી લે! અને ત્યારે મને સમજાય છે કે વર્ષના આ સમયે આકાશ પણ પોતાને રોકી નથી શકતું. આખરે તો આ મહોત્સવનો મહિનો છે; આપણાં પરમપ્રિય ગુરુમાઈજીના જન્મદિવસનો મહિનો!

આપને આનંદમય જન્મદિવસની અનેકાનેક શુભકામનાઓ!

૨૪ જૂનના એ મહાન દિવસની, ‘જન્મદિવસ’ મહોત્સવની તૈયારી આરંભ કરતા કરતા હું આ પ્રશ્નો પર ગહનતાથી વિચાર કરી રહી છું. ઉદાહરણ તરીકે, એ શું છે જે પાણીને ભીનાશ આપે છે? એ શું છે જે રેશમને તેની મુલાયમતા આપે છે? એ શું છે જે ગુલાબને તેની સુગંધ આપે છે અને લાલ રંગમાં અનોખી જીવંતતા ભરી દે છે? પરમ ઉલ્લાસમય આનંદના કેન્દ્રમાં રહેલી એ પ્રશાંતિ શું છે? જો તમે કોઈ ગહન ભાવનામાં ડૂબી જાઓ તો એ ભાવનાના મૂળમાં અનુભવાતું મૌન અને અંતર-સ્થાન શું છે — ભલે એ ભાવના એવી કેમ ન હોય જેમાંથી બહાર નીકળવું મુશ્કેલ લાગે?

હું શીખી છું કે પોતાને આ પ્રકારના પ્રશ્નો પૂછવાનું ઘણું મદદરૂપ થઈ શકે છે. આ પ્રશ્નોની મદદથી મને એ સમજવામાં અને વધારે સ્પષ્ટતાથી એ વ્યક્ત કરવામાં મદદ મળે છે કે આ વિશ્વ માટે ગુરુમાઈજીની ઉપસ્થિતિનો, તેમની શિખામણોનો, તેમની કૃપા હોવાનો શું અર્થ છે; મને એ સમજ પણ મળે છે કે મારા પોતાના જીવનમાં, મારા માટે આ બધાનો શું અર્થ છે. હકીકત તો એ છે કે આના વિશે ઘણું બધું કહી શકાય છે. આના વિશે મનમાં અનેક કવિતાઓની રચના કરી શકાય છે, મારી પેન આ આનંદને વ્યક્ત કરવા ઘણાં બધાં પાનાં ભરીને લેખ લખી શકે છે. તોપણ અત્યારે હું આટલું જ કહીશ — તમારામાંથી ઘણાં લોકોની જેમ જ મારું પણ એ સદ્‌ભાગ્ય છે કે

હું ગુરુમાઈજીને મારા શ્રીગુરુ કહી શકું છું; મારા જીવનમાં ગુરુમાઈજીની ઉપસ્થિતિને કારણે હું તેનો અનુભવ કરવા લાગી છું જે સત્યનો સાર છે.

આ વર્ષના તેમના સંદેશ પ્રવચનમાં શ્રીગુરુમાઈએ આપણને એક શબ્દ આપ્યો હતો, 'સત્યરસ'. સત્યરસનો અર્થ માત્ર પરમ સત્ય જ નથી, પરંતુ એનો અર્થ છે એ પરમ સત્યમાં નિહિત અમૃત, એ પરમ સત્યનો વિશિષ્ટ ગુણ. આ કેટલી યોગ્ય રીત છે, ખરું ને? — એ વર્ણન કરવાની કે ગુરુમાઈજી આપણને આ જ શીખવે છે કે આપણે આ અમૃતને આપણા જીવનમાં ઓળખીએ અને તેને આપણા જીવનમાં પ્રગટ થવા દઈએ. 'સત્યરસ'થી મનમાં એક એવી વસ્તુ આવે છે જે શુદ્ધ છે, નિર્મળ છે અને સાથેસાથે જેની બનાવટમાં પ્રાચુર્ય પણ છે; એક એવી વસ્તુ જે સુસ્પષ્ટ છે અને અસાધારણ રૂપે સઘન છે, જૂન મહિનાના આકાશ જેવી! 'સત્યરસ' શબ્દ પોતે જ એ સ્પષ્ટ કરે છે કે, એ કંઈ એવી વસ્તુ નથી જેનું માત્ર દૂરથી અવલોકન કરીને તેના વિશે જાણી શકાય અને સમજી શકાય. ના — આપણે આપણી અંતર ઇન્દ્રિયોની પૂર્ણ ક્ષમતાથી તેનો રસ લેવો જોઈએ, તેનો આનંદ લેવો જોઈએ અને એ આપણા અંતરમાંથી વહીને બીજાં લોકો સુધી પહોંચવો જોઈએ.

બે મહિના પહેલાં, હું શ્રીમુક્તાનંદ આશ્રમમાં અનુગ્રહ બિલ્ડીંગની નીચેની લૉબીમાં જઈ રહી હતી. સાંજનો સમય હતો, આકાશ તેજસ્વી ને સ્વચ્છ હતું અને પ્રકાશ બારીઓમાંથી અંદર આવી રહ્યો હતો. જ્યારે હું અંદર ગઈ ત્યારે મેં જોયું કે લૉબીની એક તરફ ગુરુમાઈજી ઊભાં હતાં, જ્યાં જુદાં-જુદાં છોડ અને ફૂલો એકબીજાની બાજુમાં લાઈનમાં મૂક્યાં હતાં. ગુરુમાઈજીની સાથે એક સેવાકર્તા હતા જે કેટલાંક છોડને આમથી તેમ ખસેડી રહ્યા હતા.

મને જોઈને ગુરુમાઈજીએ સ્મિત કરીને કહ્યું, ''અમે એક નાના સ્વર્ગની રચના કરી રહ્યાં છીએ.''

છોડની બાજુમાં એક નાજુક સ્ટેન્ડ પણ મૂક્યું હતું જે લોખંડના સળિયાનું બનેલું હતું; ત્યાં બીજા નાનાં ટેબલ પણ હતાં. સેવાકર્તા જુદાં-જુદાં છોડને સ્ટેન્ડ અને ટેબલ ઉપર તેમજ તેની આસપાસ મૂકી રહ્યા હતા, કદાચ એવા દૃશ્યની રચના કરવા માટે જે આંખોને ગમી જાય. હું પણ મદદ કરવા લાગી અને થોડીવારમાં જ બીજા સેવાકર્તાઓ આવી ગયા. અમે સાથે મળીને છોડને આમથી તેમ ગોઠવવા લાગ્યા અને નીચે પડેલાં પાંદડાંઓને ઉપાડી લીધાં. અમે વારંવાર એ રચનાને જોવા માટે માથું નમાવતા અને જરૂરિયાત પ્રમાણે છોડને આમ-તેમ ખસેડીને તેને ફરીથી ગોઠવતા. ગુરુમાઈજી અમારી પાસે ઊભા હતાં અને અમારું માર્ગદર્શન કરી રહ્યાં હતાં. તેઓ અમને કહી રહ્યાં હતાં કે કયા છોડને ક્યાં મૂકવો જોઈએ. તેમણે ફરીવાર કહ્યું, ''આપણે એક નાના સ્વર્ગની રચના કરી રહ્યાં છીએ.''

કાર્ય પૂરું કરીને અમારી રચના જોવા માટે અમે થોડાં દૂર ગયાં. પહેલાં જ્યાં બધા છોડ બારીઓ પાસે ફેલાવીને મૂક્યા હતા, ત્યાં હવે તે એક જ જગ્યાએ એકસાથે એવી રીતે મૂક્યા હતા કે બહુ આકર્ષક લાગી રહ્યા હતા; અમે લૉબીના એ જ ખૂણામાં એક નાના બગીચાની રચના કરી લીધી હતી, એક લીલાછમ કુંજની રચના કરી લીધી

હતી. અચાનક જ છોડની ગતિશીલતા અને દેખાવ વધારે સ્પષ્ટ થઈ ગયા. મેં જોયું કે તેમાંના એક છોડના પાંદડાં ચમકતાં લાલ હતાં અને ગાર્ડીનિઆના છોડની ડાળીઓ સહેજ નમેલી હતી. આ બધા છોડની ભેગી સુગંધમાં પણ

કંઈક વિશેષતા હતી જે ખરેખર મોહક લાગતી હતી, જે થોડીવાર પહેલાં નહોતી લાગતી. તેમાંથી ઊઠતી સુગંધની લહેરો અમને પુલકિત કરી રહી હતી.

આ અનુભવ મારી સ્મૃતિમાં હજીપણ છે કારણ કે તે કેટલું બધું શીખવે છે. બધા છોડ લૉબીમાં પહેલાંથી મૂક્યા હતા; સ્ટેન્ડ અને ટેબલ પણ નજીકથી લાવ્યાં હતાં. તોપણ ગુરુમાઈજીનાં માર્ગદર્શનથી અને થોડાં પ્રયત્નથી — છોડને થોડા ખસેડીને, ઊંચકીને આમતેમ મૂકીને, થોડું વિચારી, તેને ફરીથી વ્યવસ્થિત મૂકીને — અમે એ જ વસ્તુઓથી તે જગ્યાને બદલીને વધારે આકર્ષક અને અત્યંત સુગંધમય બનાવી દીધી. એક એવી જગ્યા જ્યાં એવું લાગતું હતું જાણે એ સોનેરી ઝાલર જે આપણા જીવનમાં અદશ્યરૂપે વિદ્યમાન છે, તે બહાર આવીને ડોકિયું કરી રહી છે અને તેણે ત્યાંથી પસાર થનારાંઓને થોડા વધારે આનંદિત કરી દીધા છે. થોડીવાર પછી, મને સમજાયું : શું આ એ જ નથી જે ગુરુમાઈજી આપણને નિરંતર શીખવે છે? એ જ કે આપણી પરિસ્થિતિઓ ભલે જે પણ હોય, એક નાનું સ્વર્ગ એટલે કે થોડો સત્યરસ હંમેશાં આપણી પહોંચમાં જ છે.

* * *

આ મહિને આપણે જે રીતે ઉત્સવ મનાવીશું, એ બધા પર મનન કરવાની સાથેસાથે, સ્વયંને એ પૂછવું પણ યોગ્ય રહેશે કે આપણા શ્રીગુરુના સન્માનમાં આપણે સર્વોત્કૃષ્ટ રીતે ઉત્સવ *કેવી રીતે* મનાવી શકીએ? ગુરુમાઈજીના જન્મદિવસ પર તેમનું સન્માન કરવાની સર્વોત્તમ રીત કઈ છે? તેમણે આ ધરતી પર જન્મ લીધો છે એ વાતની મહિમાને આપણે કેવી રીતે સમજી શકીએ? કેવી રીતે આપણે તેમની કૃપા માટે કૃતજ્ઞતા વ્યક્ત કરી શકીએ જે અનેક રીતે આપણા જીવનમાં પ્રવાહિત થાય છે? અનેક રીતે તેમની શિખામણો આપણને વધારે સારા માનવ બનવામાં મદદ કરે છે, આપણને વધારે દયાળુ, વધારે સબળ અને વધારે પ્રેમાળ બનવામાં મદદ કરે છે, તે બધા માટે ગુરુમાઈજી પ્રત્યે આભાર વ્યક્ત કરવાની સર્વશ્રેષ્ઠ રીત કઈ છે? મને નથી લાગતું કે મારી પાસે આ પ્રશ્નોનો કોઈ નિશ્ચિત જવાબ છે; એવો જવાબ તો નથી જ જે આ પત્ર વાંચનાર દરેક વ્યક્તિ માટે એક સરખો હોય. આનો જવાબ કદાચ આપણામાંથી દરેક વ્યક્તિએ પોતાના માટે જાતે જ શોધવો પડશે.

તેમ છતાં મને એક વિચાર આવે છે. આપણે આ રીતે ગુરુમાઈજીનું સન્માન કરીએ તો કેવું રહેશે? — આપણું કર્તવ્ય છે કે તેમણે આપણને જે આપ્યું છે તેના માટે આપણે તેમના પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરીએ. તેમણે આપણને જે શિખામણો આપી છે તેનો એકમાત્ર ઉદ્દેશ્ય છે, આપણું અને આપણા સંસારનું કલ્યાણ, એટલે આપણે તેમની શિખામણોનું પાલન કરીને તેમનું સન્માન કરીએ અને તેમણે આપણને જે આપ્યું છે તેના માટે તેમને એક ભેટ

અર્પિત કરીએ. આખરે એક વિદ્યાર્થી અને એક શિષ્ય તરીકે આપણું એ ઉત્તરદાયિત્વ છે અને સદ્‌ભાગ્ય પણ છે કે તેમણે આપણા માટે જે કર્યું છે, આપણને જે આપ્યું છે અને જે પ્રાપ્ત કરવું શક્ય બનાવ્યું છે, આપણે તેનો વિકાસ કરીએ અને તેને પોષિત કરીએ.

તેથી આ મહિને હું તમને પ્રેરિત કરું છું કે તમે ગુરુમાઈજીના વર્ષ ૨૦૧૮ માટેના સંદેશ પર અધ્યયન અને અભ્યાસ કરવાનું ચાલુ રાખો. સત્સંગનો અભ્યાસ કરો અને એક નવી શ્રદ્ધાથી, સતર્કતા તેમજ પરિશ્રમથી અને અધિક વિવેકથી સત્યરસના મહાન કુંડ સુધી પહોંચવાનો પ્રયત્ન કરો જે તમારી અંદર વિદ્યમાન છે. ગુરુમાઈજીના સંદેશ પ્રવચનમાં એક ધારણા છે જેના પર આ સમયે ખોજ કરવી પ્રેરણાદાયી રહેશે. એ ધારણા છે : આપણી *પોતાની* સારી સંગતિ પર ધ્યાન કેન્દ્રિત કરીને સત્સંગ કરવાનો શું અર્થ છે?

અત્યાર સુધી તમારામાંથી ઘણાં લોકો આ શિખામણનો વ્યક્તિગત રીતે અભ્યાસ કરી રહ્યાં હશે — બની શકે કે તમે નીલ-ગુલાબી આકાશના સાન્નિધ્યમાં એકલા હો ત્યારે તમે થોડું વધારે જાણ્યા હશો કે તમારી પોતાની સંગતિમાં હોવાથી કેવું લાગે છે. તે ઘણું અદ્‌ભુત છે; અને સાચું કહું તો સત્સંગ કરવા માટે માત્ર આની જ જરૂર છે. પરંતુ સદીઓથી પરંપરાગત રીતે જે રીતે સત્સંગનો અભ્યાસ કરવામાં આવે છે, તેનો આ પ્રકારના વ્યક્તિગત સત્સંગ સાથે શું સંબંધ છે? વ્યક્તિગત સત્સંગ, એ સત્સંગ સાથે કેવી રીતે સંબંધિત છે જેનો તમે ચોક્કસપણે આ મહિને અભ્યાસ કરશો, જ્યારે તમે સિદ્ધયોગ આશ્રમ અને ધ્યાન કેન્દ્રોમાં એકત્રિત થઈને ગુરુમાઈજીનો જન્મદિવસ ઉજવશો? વ્યક્તિગત રૂપથી સત્સંગ કરવા અને ભગવાનની આરાધના કરવા માટે સાધકોનું સત્સંગમાં એકત્રિત થવું, આ બંને વચ્ચે શું સંબંધ છે?

આ વર્ષના ગુરુમાઈજીના સંદેશમાં અનેક અદ્‌ભુત પાસાંઓ છે, જેમાંનું એક પાસું એ છે કે તેમનો સંદેશ માત્ર આપણને સત્સંગ કરવાની નવીન સમજ અને વધુ સુલભ રીત જ નથી બતાવતું, પરંતુ તે આપણને પ્રોત્સાહિત પણ કરે છે કે આપણે તેના પર ફરી ધ્યાન આપીએ કે આપણે સત્સંગના પારંપરિક સ્વરૂપનો અભ્યાસ કેવી રીતે કરીએ છીએ, આપણે તેમાં કેવી રીતે ભાગ લઈએ છીએ. ભલે તમે સત્સંગનો અભ્યાસ વ્યક્તિગત રીતે કરો કે બીજા સાધકોની સાથે કરો, સત્સંગનો અર્થ છે પરમ સત્યની સંગતિમાં રહેવાનો પ્રયત્ન કરવો અને તેની સંગતિમાં રહેવું. પ્રશ્ન એ છે કે એ પરમ સત્યનો નિવાસ ક્યાં છે? તેમાં કોઈ સંદેહ નથી કે જ્યારે તમે અન્ય સાધકોની સાથે હોવ છો, તો તમને તેમની સંગતિમાં રહેવું સારું લાગે છે, તેમના જ્ઞાનમાંથી શીખવું અને તેમની સાથે આધ્યાત્મિક અભ્યાસો કરવાનું સારું લાગે છે. તોપણ આવી રીતે એકત્રિત થવાને બીજું કંઈ નહીં પરંતુ ‘સત્સંગ’ એટલા માટે કહેવાય છે કારણ કે તેનો ઉદ્દેશ્ય છે, તમારા આત્મા સાથે ઘનિષ્ઠતાથી જોડાવા માટે તમારી સહાયતા કરવાનો. તે એવું છે જાણે કે સૂર્યદેવતાના સાન્નિધ્યમાં બેસીને ધ્યાન કરવું. જે બહાર છે તે જે અંતરમાં છે તેને સહાય કરે છે; અને પછી સમય જતાં અંતરમાં જે છે તે બાહ્ય સાથે મળીને એક થઈ જાય છે. આવું થાય એના માટે એક સૂક્ષ્મ પ્રયત્ન જરૂરી છે, એ જરૂરી છે કે આપણે પોતે આના પ્રત્યે વિશેષ રૂપથી જાગરૂક રહીએ.

તો વર્ષ ૨૦૧૮માં તમે જે રીતે ગુરુમાઈજીના જન્મદિવસને મનાવી શકો છો, તેનો મુખ્ય ભાગ હશે, સત્સંગનો અભ્યાસ — વ્યક્તિગતરૂપે, બીજા સાધકોની સાથે અને અધિક દઢનિશ્ચિય સાથે. અને આ મહિને દરરોજ સિદ્ધયોગ પથ વેબસાઈટ આ અભ્યાસમાં તમને મદદ કરશે. દરેક દિવસ તમારા માટે નવા સાધનો લઈને આવશે જેનાથી તમે તમારા હૃદય સાથે જોડાઈ શકશો.

જેમ વેબસાઇટ પર આ પત્ર છે, તે રીતે, બીજું પણ કંઈ છે. શું તમે તે વાંચ્યું? અથવા એ કહેવું વધારે યોગ્ય રહેશે કે વેબસાઇટ પર જે આપવામાં આવ્યું છે શું તમે તેનો અનુભવ કર્યો? શું તમે તેના લયને સાંભળ્યો અને તેના આરોહ-અવરોહને શ્વાસ સાથે પોતાની અંદર ભરી લીધો; શું તમે એ શબ્દોમાં ગૂંથેલી શિખામણને પોતાના હૃદયમાં ઊતરવા દીધી, એ સમજીને કે જો તમે એ શિખામણને જીવનમાં ઊતારશો તો તમે તમારા જીવન જીવવાની અને કાર્ય કરવાની રીતમાં પરિવર્તન લાવી શકશો? હા, હું એ જ ઉત્કૃષ્ટ કવિતા વિશે કહી રહી છું જે ગુરુમાઈજીએ આપણા માટે લખી છે, જેનું શીર્ષક છે : 'યોગ્ય ક્ષણની પ્રતીક્ષામાં.'

આ ઉપરાંત, આવનારા દિવસો અને અઠવાડિયાઓમાં વેબસાઇટ પર બીજું ઘણું બધું હશે. વેબસાઇટ પર શ્રીગુરુમાઈ સાથે ઘટિત પ્રસંગોના નવા વૃત્તાંત હશે, Reflections on Gurumayi (ગુરુમાઈજી પાસેથી પ્રાપ્ત શિખામણો વિશે સિદ્ધયોગ વિદ્યાર્થીઓનું ચિંતન) હશે, ગુરુમાઈજીએ જૂનના દરેક દિવસ માટે પસંદ કરેલા સદ્‌ગુણો પર વ્યાખ્યા હશે. ગુરુમાઈજીના જન્મદિવસે આપણે જે નૈવેદ્ય અર્પણ કરીએ છીએ તેના વિશે એક વ્યાખ્યા પણ હશે.

અહીં આપણને એક મધુર વિરોધાભાસ જોવા મળે છે. એક તરફ અહીં આપણે આપણાં ગુરુમાઈજી, જેને હિન્દીમાં 'હમારી ગુરુમાઈ જી' કહે છે, તેમનું સન્માન કરવા ઇચ્છીએ છીએ. આપણે તેમનો મહિમાગાન કરવા ઉત્સુક છીએ, આપણે હર્ષોલ્લાસથી તેમની સ્તુતિગાન કરવા ઇચ્છીએ છીએ, તેમના જન્મદિવસ પર આપણે તેમને કોટિ-કોટિ શુભકામનાઓ અર્પિત કરવા ઇચ્છીએ છીએ. આપણે ગુરુમાઈજીને ઘણું બધું અર્પણ કરવા ઇચ્છીએ છીએ, આપણે તેમને ઘણું બધું આપવા ઇચ્છીએ છીએ, આપણે કેટલું બધું કરવા ઇચ્છીએ છીએ, તેમ છતાં ગુરુમાઈજીનો જન્મદિવસ મનાવતા મનાવતા આપણને જ ઘણું બધું પ્રાપ્ત થાય છે. હું ઘણીવાર વિચારું છું કે ગુરુમાઈજી એ આ મહિનાને 'આનંદમય જન્મદિવસ' નામ કેમ આપ્યું છે — એ એટલા માટે કે આખા મહિના દરમ્યાન સતત 'આનંદ' શબ્દ સાંભળીને અને તેનું ઉચ્ચારણ કરીને આપણે આપણા માટે જ આનંદના અનુભવનું આવાહન કરીએ છીએ. તેનાથી મને વધુ સ્પષ્ટરૂપે સમજાય છે : 'આનંદમય જન્મદિવસ' તેના મૂળમાં ગુરુમાઈજીની કરુણાની અભિવ્યક્તિ છે. તેનો જન્મ તેમની ઉદારતાથી જ થયો છે.

એક સુંદર ભજન છે જેની રચના સંતકવિ કબીરજી એ કરી છે. આ ભજનને ગુરુમાઈજીએ કેટલાંય વર્ષોથી અનેકવાર ગાયું છે. અત્યારે મને તેનું ધ્રુવપદ યાદ આવી રહ્યું છે.

*સાધો, સો સદ્ગુરુ મોહે ભાવૈ ।*
*સત્ત પ્રેમ કા ભર-ભર પ્યાલા, આપ પિવૈ મોહે પ્યાવૈ ।।*

ઓ સાધુ, મને મારા સદ્ગુરુ પ્રત્યે કેટલો પ્રેમ છે,
જે સત્યના પ્યાલાને વારંવાર છલોછલ ભરતા રહે છે.
જે પ્યાલાથી મારા સદ્ગુરુ સ્વયં પીવે છે, તેનાથી જ મને પણ પીવડાવે છે.[1]

આદર સહિત,

ઈશા સરદેસાઈ

---

સાધો, સો સદ્ગુરુ, ધ્રુવપદનું અંગ્રેજી ભાષાંતર © ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન.

© ૨૦૧૮ એસ.વાય.ડી.એ. ફાઉન્ડેશન®. સર્વાધિકાર સુરક્ષિત.